# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-08-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

*****************************************************

1. **સંસદના બંને ગૃહોની કામગીરી અનિશ્ચિત કાળ સુધી સ્થગિત કરાઇ.**
2. **ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) સુધારા બિલને રાજ્યસભાએ મંજૂરી આપી.**
3. **ચોમાસુ સત્રમાં સંસદની કામગીરીને ખોરંભે પાડવાનો કેન્દ્રીય મંત્રી અનુપ્રિયા પટેલે વિપક્ષ પર આરોપ લગાવ્યો.**
4. **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં 115 કલાકારોને વર્ષ 2024 અને 2025 માટે સંગીત નાટક અકાદમી ફેલોશિપ અને પુરસ્કારો એનાયત કર્યા.**
5. **ભૂકંપ બાદ રાહત અને પુનર્નિર્માણની કામગીરીને અસરકારક અને સક્ષમ બનાવવા માટે કોલંબિયામાં આર્થિક કટોકટી જાહેર.**

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# LS - SINE DIE

લોકસભા અને રાજ્સભા અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવી છે. ગયા મહિનાની 20મી તારીખે શરૂ થયેલું ચોમાસુ સત્ર 25 દિવસ સુધી ચાલેલી 19 બેઠકો બાદ આજે પૂર્ણ થયું. ગૃહમાં વિવિધ કાયદાકીય અને રાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા થઈ. જાહેર પરીક્ષાઓ (અન્યાયી માધ્યમોનું નિવારણ) સુધારો બિલ, 2026, રાષ્ટ્રીય સન્માનનું અપમાન નિવારણ (સુધારા) બિલ, 2026, ટ્રિબ્યુનલ સુધારા બિલ, 2026, કરવેરા અને અન્ય કાયદાઓ (સુધારા) બિલ, 2026, રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (સુધારા) બિલ, 2026 અને કેરળ (નામમાં ફેરફાર) બિલ, 2026 સહિત અનેક મહત્વપૂર્ણ બિલો પસાર કરવામાં આવ્યા હતા.

જોકે, NEET પેપર લીક પર વિદ્યાર્થીઓના વિરોધ, વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે પોલીસ કાર્યવાહી અને અયોધ્યા રામ મંદિર દાનમાં કથિત વિસંગતતાઓના મુદ્દાને કારણે પણ સત્રમાં વારંવાર વિક્ષેપો થયો.

## REV. RS - MINES AND MINERALS

સંસદે ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) સુધારા બિલ, 2026 પસાર કર્યું છે અને રાજ્યસભાએ આજે તેને મંજૂરી આપી છે. આ બિલનો ઉદ્દેશ્ય ભારતના ખાણકામ ક્ષેત્રને વધુ કાર્યક્ષમ, રોકાણ-મૈત્રીપૂર્ણ અને દેશની મહત્વપૂર્ણ ખનિજોની વધતી જતી માંગને પૂર્ણ કરવા માટે સુસજ્જ બનાવવાનો છે.

# ANUPRIYA OPPOSITION

કેન્દ્રીય મંત્રી અનુપ્રિયા પટેલે સંસદમાં વારંવાર વિક્ષેપ પાડવા બદલ વિપક્ષની ટીકા કરી હતી અને તેના પર લોકશાહી અને સંસદીય પરંપરાઓનો અનાદર કરવાનો આરોપ લગાવ્યો હતો. સંસદ પરિસરમાં આકાશવાણી ન્યૂઝ સાથે વાત કરતા શ્રીમતી પટેલે કહ્યું કે સમગ્ર દેશે વિપક્ષનું વર્તન જોયું છે. તેમણે આરોપ લગાવ્યો કે વિપક્ષને લોકશાહી કે સંસદીય પરંપરાઓમાં કોઈ વિશ્વાસ નથી.

**(BYTE- ANUPRIYA PATEL)**

# PREZ- SANGEET AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં એક વિશેષ સમારંભમાં 115 કલાકારોને 2024 અને 2025 માટે સંગીત નાટક અકાદમી ફેલોશિપ અને પુરસ્કારો એનાયત કર્યા હતા. સંગીત, નૃત્ય, નાટ્ય, લોક અને આદિવાસી કલા, કઠપૂતળી, પરંપરાગત નાટ્ય અને અન્ય ક્ષેત્રોમાં ઉત્કૃષ્ઠ પ્રદાન બદલ કલાકારોને આ એવોર્ડથી સંમાનિત કરાયા હતા.

દેશના અલગ અલગ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના અર્પણ કરાયેલા પુરસ્કારમાં અકાદમી ફેલોના સન્માનમાં ત્રણ લાખ રૂપિયાની પર્સ મની જ્યારે અકાદમી પુરસ્કારમાં એક લાખ રૂપિયાની પર્સ મની ઉપરાંત તામ્રપત્ર અને અંગવસ્ત્રમ એનાયત કરાયા હતા. આ સમારંભમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂનાં હસ્તે ભારતીય રંગમંચમાં નિર્દેશનમાં યોગદાન બદલ ગુજરાતના કપિલદેવ ચંદ્રકાંત શુક્લને વર્ષ 2025ના સંગીત નાટક અકાદમી પુરસ્કારથી સન્માનિત કરાયા.

# JHARKAND PROTEST

ઝારખંડમાં ૧૪મી JPSC પરીક્ષામાં કથિત ગેરરીતિઓને લઈને ઉમેદવારોના વિરોધ પ્રદર્શન ચાલુ છે. પરીક્ષા પ્રક્રિયામાં પારદર્શિતાની માંગ અને વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ હવે રાંચીના રસ્તાઓથી દિલ્હીના સંસદ ભવન સુધી પહોંચી ગયો છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ

(BYTE: POONAM RANCHI)

# BJP- PUNJAB AND JHARKHAND

ભાજપે આજે વિરોધ પક્ષો પર પંજાબ અને ઝારખંડમાં વિદ્યાર્થીઓ દ્વારા સામનો કરવામાં આવતી સમસ્યાને અવગણવાનો આરોપ લગાવ્યો હતો. નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા, ભાજપના પ્રવક્તા ડૉ. સુધાંશુ ત્રિવેદીએ દાવો કર્યો હતો કે વિરોધ પક્ષો ઝારખંડ અને પંજાબના વિદ્યાર્થીઓના મુદ્દાઓ પરના પ્રશ્નો ટાળવા માટે જ સંસદમાં હોબાળો મચાવી રહ્યા છે. પ્રવક્તાએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી ઝારખંડના વિદ્યાર્થીઓના મુદ્દાઓ પર મૌન છે.

(BYTE: SUDHANSHU TRIVEDI)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# FUR. REV. FM LIBERIA VISIT

લાઇબેરિયાના વિદેશ મંત્રી સારાહ બેસોલો ન્યાન્તી આજથી બે દિવસ ભારતની સત્તાવાર મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા છે. આજે, તેઓ હૈદરાબાદ હાઉસ ખાતે વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરને મળશે. વિદેશ મંત્રાલયે એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે આ મુલાકાત ભારત અને લાઇબેરિયા વચ્ચેના સૌહાર્દપૂર્ણ અને ગાઢ સંબંધોને વધુ મજબૂત બનાવવાની તક પૂરી પાડે છે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, લાઇબેરિયા ભારતની ડ્યુટી-ફ્રી ટેરિફ પ્રેફરન્સ સ્કીમ હેઠળ આવરી લેવામાં આવ્યું છે, જે ભારતમાં લાકડા, વનસ્પતિ તેલ, રબર અને અન્ય ચીજવસ્તુઓની નિકાસને સરળ બનાવે છે. હાલમાં, 200 થી વધુ ભારતીય કંપનીઓ લાઇબેરિયામાં ઓટોમોબાઇલ, ખાણકામ, આરોગ્યસંભાળ, ઇલેક્ટ્રોનિક્સ અને ફાર્માસ્યુટિકલ્સ સહિત વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત છે.

# JAMMU - VANDE MATARAM CAMPAIGN

પૂંછ અને રામબન જિલ્લાઓએ વંદે માતરમ અભિયાનમાં અખિલ ભારતીય સ્તરે ટોચના સ્થાન મેળવીને જમ્મુ અને કાશ્મીરનું નામ રોશન કર્યું છે. આ સિદ્ધિને બિરદાવતા લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ પૂંછના અધિક નાયબ કમિશનર તાહિર મુસ્તફા મલિક અને રામબનના અધિક નાયબ કમિશનર વરુણજીત સિંહ ચરકનું સન્માન કર્યું હતું . આ સન્માન પૂંછ અને રામબનના લોકોની ઉત્સાહજનક ભાગીદારી અને અભિયાનને સફળ બનાવવામાં જિલ્લા વહીવટીતંત્રના સમર્પિત પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે.

# TRIRANGA YATRA – NAIDU

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ આજે નવી દિલ્હીના સફદરજંગ એરપોર્ટ વિસ્તારમાં "હર ઘર તિરંગા" અભિયાન હેઠળ તિરંગા યાત્રાને લીલી ઝંડી આપી હતી. પત્રકારો સાથે વાત કરતા, તેમણે આ પહેલને મળેલા જબરદસ્ત પ્રતિસાદ પર ખૂબ ગર્વ અને ખુશી વ્યક્ત કરી. તેમણે કહ્યું કે આ અભિયાન એકતા અને દેશભક્તિની મજબૂત ભાવના દર્શાવે છે.

(BYTE: RAM MOHAN NAIDU)

# COLOMBIA- ECONOMIC EMERGENCY

કોલંબિયાના રાષ્ટ્રપતિ એબેલાર્ડો દે લા એસ્પ્રિએલાએ શક્તિશાળી ભૂકંપ બાદ રાહત અને પુનર્નિર્માણ માટેની કામગીરીને અસરકારક અને સક્ષમ બનાવવા માટે આર્થિક કટોકટી જાહેર કરી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, ભૂકંપમાં 265 લોકો માર્યા ગયા છે અને 3,494 ઘાયલ થયા છે. શ્રી દે લા એસ્પ્રિએલાએ આ દુર્ઘટનાને મોટી દુર્ઘટના ગણાવી હતી અને કહ્યું હતું કે સરકાર પુનર્નિર્માણના પ્રયાસોને ઝડપી બનાવી અને અસરગ્રસ્ત પરિવારો, વ્યવસાયો અને સમુદાયોને સહાય માટે તાત્કાલિક પગલાં લેવાની તૈયારી કરી રહી છે.

આ અઠવાડિયે સોમવારે કોલંબિયામાં 7.4 ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં લગભગ 54 હજાર લોકો અસરગ્રસ્ત થયા હતા અને વ્યાપક નુકસાન થયું હતું. ગુમ થયેલા લોકોની સંખ્યા 496 થઈ ગઈ છે, જેના કારણે મૃત્યુઆંક વધે તેવી શક્યતા છે.

ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ભૂકંપને કારણે થયેલા જાનહાનિ અને વિનાશ પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમના સંદેશમાં, ડૉ. જયશંકરે પોતાના પ્રિયજનો ગુમાવનારા પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે ઘાયલ થયેલા લોકોના ઝડપી સ્વસ્થ થવા માટે પણ પ્રાર્થના કરી હતી. તેમણે કહ્યું હતું કે ભારત શક્ય તમામ સહાય પૂરી પાડવા માટે તૈયાર છે.

# SHAH RAJNATH - HOLKAR

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે સમાજ સુધારક અહલ્યાબાઈ હોલકરને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે જણાવ્યું હતું કે અહલ્યાબાઈ હોલકરે મંદિરોના નવીનીકરણ અને પુનર્નિર્માણથી લઈને યાત્રાધામોના વિકાસ સુધીના વારસાના સંરક્ષણ અને પુનઃસ્થાપનમાં અપ્રતિમ યોગદાન આપ્યું હતું.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે તેમણે સમાજના વંચિત અને આદિવાસી સમુદાયોના આજીવિકા અને કલ્યાણ માટે અનેક મહત્વપૂર્ણ પગલાં લીધાં. સંરક્ષણ મંત્રીએ ભાર મૂક્યો કે તેમનું જીવન ન્યાય, સુશાસન, મહિલા સશક્તિકરણ, જન કલ્યાણ અને ભારતના સાંસ્કૃતિક વારસાના સંરક્ષણની પ્રેરણાદાયી ગાથા છે.